-ઃ વેચાણ દસ્તાવેજ ઃ-

~~~~~~

જીલ્લા ડીસ્ટ્રીક્ટ અમદાવાદ સબ ડીસ્ટ્રીક્ટ અમદાવાદ-૨(વાડજ) વિભાગના સીટી તાલુકાના મોજે-વાડજની સીમમાં સર્વે નંબર-૫૫૧/૮+૧૨+૧૪, ટી.પી.સ્કીમ નંબર-૨૮, ફા.પ્લોટ નંબર-૬૩૮ પૈકી સબ પ્લોટ નં-૧૧૪-એ,૧૧૪-બી,૧૧૫-એ,૧૧૫-બી,સી, ની કુલ ૧૦૭૪.૫૮ ચો.મીટર જમીન આવેલ છે. તે જમીન ઉપર રહેણાંકીય જુદા જુદા ફલેટો નું આયોજન કરવામાં આવેલ છે, જે "આસુતોષ રેસીડેન્સી "ના નામથી ઓળખાય છે. તેમાં આવેલ ફર્સ્ટ ફલોર ઉપર આવેલ ફલેટ નંબર-**૧૦૩** વાળી મિલકત નો વેચાણ દસ્તાવેજ રૂા.૧૪,૫૦,૦૦૦-૦૦. અંકે રૂપીયા ચૌદ લાખ પચાસ હજાર પુરાનો...

~~~~~~

લખી આપનાર:-

(૧) નિકીતા નિસર્ગકુમાર પટેલ
ઉ.વ.આ-૨૪, ધંધો-ઘરકામ, ધર્મે-હિન્દુ,
(૨) હસમુખભાઈ ગોવિંદભાઈ પટેલ
ઉ.વ.આ-૪૭, ધંધો-વેપાર, ધર્મે-હિન્દુ,
(૩) ગીતાબેન ગોવિંદભાઈ પટેલ
ઉ.વ.આ-૪૫, ધંધો-ઘરકામ, ધર્મે-હિન્દુ,
(૪) ગોવિંદભાઈ કચરાભાઈ પટેલ પોતે જાતે તથા (૧) થી (૩) ના કુલ મુખત્યાર તરીકે
ઉ.વ.આ-૫૩, ધંધો-વેપાર, ધર્મે-હિન્દુ,
PAN NO-ACKPP 6952 C.
તમામ રહેવાસી-૨૬, નિલકંઠ બંગ્લોઝ,ગુલાબ ટાવર પાસે,
થલતેજ, અમદાવાદ.

જેમને હવે પછી આ વેચાણના દસ્તાવેજમાં અમો વેચાણ આપનાર અગર લખી આપનાર એ રીતે સંબોધવામાં આવેલ છે. જે શબ્દના અર્થમાં તમો વેચાણ લખી આપનારાઓ તથા તમારા વંશ, વાલી, વારસો, એસાઈનીઓ, એડમીનીસ્ટ્રેટરો, વકીલો, સક્શેસરો, ઈત્યાદી તમામનો સમાવેશ થાય છે.

લખાવી લેનાર :-

Dr. SHOUGRAKPAM NAPOLEON SINGH
ઉ.વ.આ-૪૨, ધર્મે-હિન્દુ, ધંધો-નોકરી.
રહેવાસી-ડી-૧, સ્ટાફ ક્વાર્ટર્સ, સાબરમતી સેન્ટ્લ જેલ,
અમદાવાદ.
PAN NO :- AENPS 9256 B.

જેમને હવે પછી આ વેચાણ ના દસ્તાવેજ માં તમો વેચાણ લેનાર અગર લખાવી લેનાર એ રીતે સંબોધવામાં આવેલ છે. જે શબ્દના અર્થમાં તમો વેચાણ લેનાર તથા તમારા વંશ, વાલી, વારસો, એસાઈનીઓ, એડમીનીસ્ટ્રેટરો, વકીલો, સક્શેસરો, ઈત્યાદી તમામનો સમાવેશ થાય છે.

કન્ફરમીંગ પક્ષકાર-ડેવલોપર :-

ભવાની કોર્પોરેશન નામની પેઢી કે જેની ઓફીસ આસ્થા કોમ્પલેક્ષ,સુભાષબ્રીજસર્કલ પાસે,અમદાવાદ માં આવેલી છે. તેના વતી અને તરફથી તેના સોલ પ્રોપરાઈટર,

ગોવિંદભાઈ કચરાભાઈ પટેલ

ઉ.વ.આ-૫૩, ધંધો-વેપાર, ધર્મે-હિન્દુ,
રહેવાસી-૨૬, નિલકંઠ બંગ્લોઝ,ગુલાબ ટાવર પાસે,
થલતેજ, અમદાવાદ.
PAN NO-ACKPP 6952 C.

જેમને હવે પછી આ વેચાણ ના દસ્તાવેજ માં અમો કન્ફરમીંગ પાર્ટી, બીલ્ડર્સ, ડેવલોપર એ રીતે સંબોધવામાં આવેલ છે. જે શબ્દના અર્થમાં હાલ પ્રોપરાઈટર તથા વખતોવખતના પ્રોપરાઈટર તથા દરેકના વંશ, વાલી, વારસો, એસાઈનીઓ, એડમીનીસ્ટ્રેટરો, વકીલો, સક્શેસરો, ઈત્યાદી તમામનો સમાવેશ થાય છે.

જત

જત ડીસ્ટ્રીક્ટ અમદાવાદ સબ ડીસ્ટ્રીક્ટ અમદાવાદ-૨(વાડજ) વિભાગના સીટી તાલુકાના મોજે-વાડજ ની સીમમાં સર્વે નંબર-૫૫૧/૮+૧૨+૧૪, ટી.પી.સ્કીમ નંબર-૨૮, ફા.પ્લોટ નંબર-૬૩૮ ની બીન ખેતી ની જમીન ઉપર કેશવનગર કો.ઓ.હા.સો.લી.(રજી નં. બી-૨૩૧, તા.૧૧-૦૮-૧૯૪૧) ના સબ પ્લોટ નં-૧૧૪-એ,૧૧૪-બી,૧૧૫-એ,૧૧૫-બી,સી, ની કુલ ૧૦૭૪.૫૮ ચો.મીટર જમીન અમો લખી આપનારે વેચાણ દસ્તાવેજથી રાખેલ છે. જે બાબત ના વેચાણ દસ્તાવેજ અમદાવાદ-૨ (વાડજ) ના મે. સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં અનુક્રમ નંબર-૧૬૮૧૬, તારીખ-૦૭-૧૦-૨૦૦૮, તથા અનુક્રમ નં. ૧૩૭૪૪, તા.૦૨-૦૮-૨૦૧૦, તથા અનુક્રમ નં.૧૮૪૩૯, તા.૨૮-૧૧-૨૦૦૮, તથા અનુક્રમ નં.૧૧૮૨૩ તા.૦૬-૦૬-૨૦૦૮ ના રોજતેજતારીખોએ નોંધવામાં આવેલ એ રીતે કુલ ચાર વેચાણ દસ્તાવેજ ના આધારે ઉપર જણાવેલ જમીનના અમો વેચાણ આપનાર કુલ સ્વતંત્ર માલીક, કબજેદાર, ભોગવટેદાર થયેલા. જેના આધારે રેવન્યુ રેકર્ડમાં ફેરફાર નોંધ (એન્ટ્રી) નંબર-૨૧૦૨૬, ૨૧૦૨૭, ૨૧૧૫૫, ૨૨૦૨૦ થી અમારા નામે નોંધ પડેલ છે. જેમજકુર જમીનને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં “ સદર જમીન” એ રીતે સંબોધવામાં આવેલ છે.

સદર જમીન ધી કેશવનગર કો.ઓ.હા.સો.લી.(જેનો રજી. નં. બી-૨૩૧, તા.૧૧-૦૮-૧૯૪૧) આવેલ છે. તે સદર જમીન ઉપર ફલેટોનાં બાંધકામ માટે સોસાયટીએ તા.૨૯-૧૧-૨૦૧૦ ના રોજ પ્રમાણપત્ર આપેલ છે. જેપ્રમાણપત્રના આધારે સોસાયટીએ બાંધેલ ફલેટોમાં નવા સભ્યો લઈ સભ્યો સાથે નાંણાકીય વ્યવહાર કરે તેમાં સોસાયટીને કોઈવાંધો નથી કે તેમાં સોસાયટીની કોઈ જવાબદારી રહેશે નહી.

ત્યાર બાદ સદર જમીન માં ફલેટ ના બાંધકામ કરવા માટેના પ્લાન મંજુર કરાવવા અર્થે અમો લખી આપનારે અમદાવાદ મ્યુની. કોર્પોરેશનની કચેરીમાં મુકેલા, મુજકર પ્લાન અમદાવાદ મ્યુની. કોર્પોરેશનના મે.કમીશનર સાહેબે તેમના કેસ નં. BLNTS/WZ/270710/P/A8735/R0/M1 થી પ્લાન મંજુર કરી અનુક્રમે રજાચિઠ્ઠી નં.18436/270710/A8735/R0/M1 ના તા.૨૨-૧૧-૨૦૧૦ ના રોજ આપેલ છે.

સદર જમીન બીનખેતીની આવેલ છે અને તે બાબતે ગામ નમુના નં.૨ માં તેની જરૂરી હુકમની નોંધ કરેલ છે. આમ સદર જમીન રહેણાંક હેતુ બીન ખેતી થયેલ છે.

સદર જમીન ઉપર ફલેટ ટાઈપના મકાનોનું બાંધકામ કરવા માટે અમો લખી આપનારે તમો કન્ફરમીંગ પક્ષકાર-ડેવલોપર સાથે એક ડેવલોપમેન્ટ નો કરાર અનુંક્રમ નં.એ/૧-૭૦૯, તા.૨૩-૦૮-૨૦૧૦ ના રોજ કરેલ જે નોટરી શ્રી સી.વી.ભાવસાર દ્વારા નોધેલ છે. જેની રૂઈએ અમો લખી આપનારએ તમો કન્ફરમીંગ પક્ષકાર-ડેવલોપર કમ બિલ્ડર્સ તરીકે નિંમાણૂક કરેલ છે. સદર જમીન માં થનાર બાંધકામ સૂચિત ખરીદનારાઓને કન્ફરમીંગ પક્ષકારઓએ વેચાણ આપવાનું છે. અને બાંધકામની કિંમત કન્ફરમીંગ પક્ષકારએ લેવાની છે. જ્યારે સદર જમીનની તે બાંધકામને લાગુ પડતી જમીન લખી આપનારાએ લેવાની છે. પરંતુ જમીન અંગેના નાણાં લખી આપનાર વતી કન્ફરમીંગ પક્ષકારએ મેળવી લખી આપનાર ને તેમના હિસ્સા મુજબની જમીનની કિંમત કન્ફરમીંગ પક્ષકારએ લખી આપનારને ચુકવી આપવાની છે.

ત્યારબાદ કન્ફરમીંગ પક્ષકારએ મંજુર કરાવેલ પ્લાન તથા મેળવેલ બાંધકામની રજાચિઠ્ઠી આધીન સદર જમીન ઉપર ફલેટો બાંધકામ કરવા કરાવવાનું નક્કી કરી જે અંગેની સ્પેશીફીકેશન અને યોજના તૈયાર કરેલી જે તમો લખાવી લેનારાએ જોઈ તપાસી જાણી અને એન્જીનીયર તથા અન્ય જાણકાર મારફતે ખાત્રી કરેલ કરાવેલ છે. જેના આધારે તમો લખાવી લેનારે સદર જમીન ઉપર બાંધવામાં આવેલ **આસુતોષ રેસીડેન્સી** એ નામથી ઓળખાતી સ્કીમમાં આવેલ ફલેટ નં.૧૦૩ ની ૭૧.૦૭ સ.સો.મી. સુપર બીલ્ટ એરીયાની બાંધકામવાળી મિલકત તથા સદર ફલેટના વરાડે પડતી વગર વહેંચાયેલા મળવા પાત્ર આશરે ૨૭.૪૨ સ.ચો.મી જમીન કે જેની કકડાવાર વહેંચણી કયારેય અલગથી થઈ ન શકે તેવી જમીન સહીતની મિલકત તમો લખાવી લેનારએ કન્ફરમીંગ પક્ષકારપાસેથી અગાઉ વેચાણ લેવાનું નક્કી કરી બુકીંગ અરજીમાં જણાવેલ શરતો તથા નિયમો વાંચી, સમજી, વિચારીને સદર બુકીંગ અરજીમાં તમો લખાવી લેનારે સહીમતા કરી તમોએ કબુલ મંજુર રાખી સદર ફલેટ બુક કરાવેલ છે.

તમો વેચાણ લેનારે બુકીંગ કરાવેલ અરજીને ધ્યાનમાં રાખી તમોને સદરહુ મિલકત આ વેચાણ ના દસ્તાવેજમાં જણાવેલી શરતો અને કન્ડીશનો મુજબ બાકીની રકમ ચુકવી આપવાની શરતે અમો લખી આપનારાએ તમો વેચાણ લેનાર મેમ્બર ને આસુતોષ રેસીડેન્સી ના નામથી ઓળખાતી સ્કીમમાં હાલના તથા વખતો વખતના નક્કી કરવામાં આવે તેમજ જે કાંઈ ફેરફાર કરવામાં આવે તે ધારા ધોરણ અને નિતી નિયમો મુજબ ફલેટ નં.૧૦૩ ની ૭૧.૦૭ સ.સો.મી. સુપર બીલ્ટ એરીયાની બાંધકામવાળી મિલકત તથા સદર ફલેટના વરાડે પડતી વગર વહેંચાયેલા મળવા પાત્ર આશરે ૨૭.૪૨ સ.ચો.મી જમીન કે જેની કકડાવાર વહેંચણી કયારેય અલગથી થઇ ન શકે તેવી જમીન સહીતની મિલકત વેચાણ આપવાનું નક્કી કરેલી છે. જેની વેચાણ કિંમત **રૂા.૧૪,૫૦,૦૦૦/- અંકે રૂપીયા ચૌદ લાખ પચાસ હજાર પુરા** નક્કી કરવામાં આવેલ છે.

સદરહુ મિલકતના વેચાણ કિંમતના અવેજની વિગત..

રૂા.૧,૦૦,૦૦૦/-	અંકે રૂપીયા એક લાખ પુરા નો ચેક નં-**૯૦૨૮૯૭** તા-**૧૬-૦૭-૨૦૧૦** ના રોજનો સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા, સાબરમતી શાખા, અમદાવાદનો અમોએ તમોને આપેલ તે.

રૂા.૫૦,૦૦૦/-	અંકે રૂપીયા પચાસ હજાર પુરા નો ચેક નં-૮૩૩૫૩૬ તા-૨૦-૦૪-૨૦૧૧ ના રોજનો સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા, સાબરમતી શાખા, અમદાવાદનો અમોએ તમોને આપેલ તે.
રૂા.૭,૬૩,૦૦૦/-	અંકે રૂપીયા સાત લાખ ત્રેસઠ હજાર પુરા નો ચેક નં-૦૪૯૯૫૦, તા-૧૧-૦૬-૨૦૧૧ ના રોજનો એચ.ડી.એફ.સી.બેંક, નવરંગપુરા શાખા નો અમોએ તમોને આપેલ તે.
રૂા.૨,૩૭,૦૦૦/-	અંકે રૂપીયા બે લાખ સાડત્રીસ હજાર પુરા નો ચેક નં-૦૫૪૨૦૪, તા-૩૧-૦૮-૨૦૧૧ ના રોજનો એચ.ડી.એફ.સી.બેંક, નવરંગપુરા શાખા નો અમોએ તમોને આપેલ તે.
રૂા.૩,૦૦,૦૦૦/-	અંકે રૂપીયા ત્રણ લાખ પુરા નો ચેક નં-૦૬૪૬૪૩, તા-૦૮-૦૨-૨૦૧૨ ના રોજનો એચ.ડી.એફ. સી. બેંક, નવરંગપુરા શાખાનો અમોએ તમોને આપેલ તે.
-------------	------------------------------------
રૂા.૧૪,૫૦,૦૦૦/-	**અંકે રૂપીયા ચૌદલાખ પચાસ હજાર પુરા**
-------------	------------------------------------

એ રીતે ઉપર જણાવેલી વિગત મુજબ તમોને અવેજ ચૂકવેલ છે. તે મુજબનો અવેજ ચુક્તે ભરપાઈ થયેથી એલોટ કરવામાં આવેલ ફ્લેટ નો સ્થળ ઉપર નો કબજો અમો આપનારે તમો લેનારને શાંત, ખાલી અને પ્રત્યક્ષ કબજો જરૂરી કરારો લખાણો કરીને હાલના તથા વખતો વખતના નક્કી કરવામાં આવેલ તેમજ જે કાંઈ ફેરફાર કરવામાં આવે તે ધારા ધોરણ અને નિતી નિયમો મુજબ સોંપેલ છે. જે તમો વેચાણ લેનારે કબુલ, મંજુર રાખેલ છે. તે મુજબની શરતે આ વેચાણ નો દસ્તાવેજ આજ રોજ અમો તમોને કરી આપીએ છીએ.

સદરહુ આસુતોષ રેસીડેન્સીના નામથી ઓળખાતી ઈમારતમાં રહેઠાણના યુનીટોનુ પાર્કીંગ વ્યવસ્થા અલગ-અલગ કરવામાં આવેલ છે. જે અમોએ સમજી લીધેલ છે. અને તે અંગે અમોને કોઈ વાંધો નથી કે ભવિષ્યમાં વાંધો લેવાનો નથી અને લઈએ તો તે રદ બાતલ ગણાશે. તેમજ અન્ય આવેલી કોમન ફેસેલીટીઝ, કોમન પાર્કીંગ, કોમન ફેસેલીટીઝ સોસાયટીના હાલના તથા વખતો વખતના નક્કી કરવામાં આવેલ તેમજ જે કાંઈ ફેરફાર કરવામાં આવે તે ધારા ધોરણ તેમજ નિતી નિયમો મુજબ તમો વેચાણ લેનારને વાપરવાના હક્ક સહિતની મિલકત વેચાણ આપવાનું નક્કી કરેલી છે. તેથી તમો વેચાણ લેનારે કોમન ફેસેલીટીઝ નો અન્ય કોઈ સભ્ય ને અડચણરૂપ ના થાય તે રીતે સામુહિક રીતે હળી મળીને વાપરવાનો રહેશે તથા સોસાયટીના કોમન રોડ તથા કોમન પ્લોટ તથા કોમન ફેસેલીટીઝ નો તમોએ અલગ ભાગ પાડવાનો નથી કે ભાગ પાડીને હક્ક કરવાનો નથી પરંતુ સામુહીક રીતે ઉપયોગ કરવાનો રહેશે તથા રોડ રસ્તા ઉપર કે કોમન પ્લોટમાં તમો સભ્યો કોઈપણ પ્રકારનુ વધારાનુ કાચું કે પાંકુ બાંધકામ કરવાનુ નથી.

આ વેચાણ દસ્તાવેજ મુજબ સદરહુ મિલકત તમો લખાવી લેનાર કે તમારા વંશ, વાલી, વારસો, ઈત્યાદી તમામ ચાંદો સુરજ તપે ત્યાં સુધી સુખેથી ભોગવો, વાપરો, અને વેચો, સાટો, વાપરો, ભોગવો, રીપેર કરાવો, બક્ષીસ કરો યા સોસાયટીના ધારા ધોરણો અને નિતી નિયમો મુજબ તમો તમારૂ દિલ ચાહે તેમ કરવાને આથી હક્કદાર છો. ને તમોને પઝેશન સોંપ્યા બાદ તમોને ફાળવવામાં આવેલ ફલેટ અંગેના જે કાંઈ સરકારી અર્ધસરકારી કર ટેક્ષ, વેરા, ઈલે.બીલ વિગેરે જે કાંઈ રકમો ભરવાની આવે તે તમો લખાવી લેનારે ભરવાના છે.

સદરહુ મિલકત અમોએ આજ પહેલા બીજા કોઈને વેચાણ કરીને કોઈપણ પ્રકારે લખી આપેલ નથી તેમજ બોજા કે જોખમમાં નાખેલ નથી તેમજ સદરહુ મિલકત કોઈને વેચાણ ટ્રાન્સફર કરવી-કરાવવી નહી કે કોઈના કબજે સોંપવી સોંપાવવી નહી તેવો કોઈપણ કોર્ટનો મનાઈ હુકમ નથી કે પ્રતિબંધ નથી તેમજ સદરહુ મિલકત કોઈપણ બેંક, સંસ્થા વ્યક્તિના લોન બોજા કે ચાર્જમાં લેવામાં આવેલી નથી. તેમજ સદરહુ મિલકત ઉપર અમો એ કોઈપણ સોલવંશી કઢાવેલી

નથી તે તેનાથી અમો કોઈના જામીન થયા નથી તેમજ સદરહુ મિલકતમાં અમારા સિવાય અન્ય કોઈનો ખોરાકી પોષાકી કે રહેઠાણ અંગેનો હિસ્સો પોષાતો નથી તેમજ સદરહુ મિલકત સામે કોઈપણ કોર્ટ કચેરીમાં કોઈપણ જાતના દાવા-દુવી કે પ્રોસીડીંગ્સ ચાલતા નથી તેમજ પેન્ડીંગ નથી તેમજ તે અન્વયે અમોને આજદીન સુધી કોઈપણ જાતની નોટીસ બજેલી નથી કે મળેલી નથી તેમજ સદરહુ મિલકત કોઈપણ જાતના રેકવીઝીશન, એકવીઝીશન, કે રીઝર્વેશનમાં નથી. તેમજ સદરહુ મિલકતના તમામ પ્રકારના રાઈટસ ટાઈટલ્સ ચોખ્ખા અને માર્કેટેબલ છે તેવો તમામ બાબતનો પાકો વિશ્વાસ અને ભરૂસો આપીને આ વેચાણનો દસ્તાવેજ અમોએ તમોને લખી આપેલ છે.

સદર આસુતોષ રેસીડેન્સી એ નામની યોજનાની તમામ સહીયારી જમીન તથા સગવડોના નિભાવ તથા મેઈન્ટેનન્સ અંગે સર્વિસ સોસાયટી કે એસોસીએશનની રચના કરવામાં આવે તો તમો લખાવી લેનારે ફરજીયાત સભાસદ તરીકે દાખલ થવાનું રહેશે તે આ દસ્તાવેજ ની મહત્વની શરત છે.

આ વેચાણ દસ્તાવેજનો તેમજ તેના અનુસંધાને ના હવે પછીના કરવાના થતા તમામ કબુલાત, લેખ, લખાણો અંગેના જે કાંઈ ખર્ચ થાય તે તમામ ખર્ચ જેવો કે સ્ટેમ્પ, રજી.ફી., ટાઈપીંગ, વકીલ ફી, ઈત્યાદી તમામ ખર્ચ તમો વેચાણ લેનારે ભોગવેલ છે.

આ વેચાણ દસ્તાવેજ આપાણે બંન્ને પક્ષકારાએ આપાણી રાજીખુશીથી તથા અક્કલ હોંશીયારીથી વાંચી, સમજી, વિચારીને કરેલ છે. જે આપાણે બંન્ને પક્ષકારોને તેમજ લાગુ તમામને કબુલ, મંજુર અને બંધનકર્તા છે અને રહેશે.

// ૯ //

-: *પરિશિષ્ટ* :-

ગામની સીમ	:	વાડજ, તા-સીટી, જી. અમદાવાદ
સર્વે નંબર	:	૫૫૧/૮+૧૨+૧૪,
ટી.પી.સ્કીમ નંબર	:	૨૮
ફા.પ્લોટ નંબર	:	૬૩૮ પૈકી,
સબ પ્લોટ નંબર	:	૧૧૪-એ,૧૧૪-બી,૧૫૫-એ,૧૧૫-બી.સી.
ફ્લેટ નંબર	:	૧૦૩, (ફર્સ્ટ ફ્લોર)
ક્ષેત્રફળ	:	૭૧.૦૭ સ.સો.મી. સુપર બીલ્ટ એરીયા ના ફ્લેટ ના બાંધકામ વાળી મિલકત.
સ્કીમ નું નામ	:	**આશુતોષ રેસીડેન્સી**

રીમાર્ક :- સદર ફલેટના વરાડે પડતી વગર વહેંચાયેલા મળવા પાત્ર આશરે ૨૭.૪૨ સ.ચો.મી જમીન.

પાસ થયેલા પ્લાન મુજબ ના ફલેટ નંબર-૧૦૩ ના ખુંટચારની વિગત:

પૂર્વે	- ફલેટ નં-૧૦૪ આવેલ છે.
પશ્ચીમે	- સહજાનંદ રેસીડન્સી આવેલ છે.
ઉત્તરે	-કેશવનગર સોસાયટીનો ખાનગી બંગલો આવેલ છે.
દક્ષીણે	-ફલેટ નં-૧૦૨ આવેલ છે.

એ રીતેના નંબરો માપ તથા ખુંટચાર વચલી તેના તમામ હક્કો સહિતની સોસાયટીના આંતરીક રસ્તાઓ, કોમન પ્લોટ વિગેરેમાં આવવા-જવા ના હક્કો સહિતની તથા સદર સોસાયટીના રસ્તાઓમાં થઈ હર હંમેશ હરેક પ્રકારના વાહનો સહીત તેમજ વગર વાહનો આવવા-જવાના હક્કો સહિતની તેમજ બીજા જે જે હક્કો કે પોષાતા હોય તે તમામ હક્કો સહિતની સદરહુ મિલકત.

મજકુર સ્કીમનો ગર્વમેન્ટ જંત્રી પ્રમાણે જે ઝોન નક્કી કરવામાં આવેલ છે. તે ૨૮/૪/બી. છે. તે નો ભાવ હાલની જંત્રી પ્રમાણે ૧૨૭૫૦-૦૦ પુરા. આપેલ છે. જેના અમો લખાવી લેનારે સ્ટેમ્પ ડયુટી વાપરેલ છે. જેમાં ૧ ટકા પ્રમાણે ડેવલોપમેન્ટ એગ્રીમેન્ટ સ્ટેમ્પ ડયુટી અમો લખાવી લેનારે વાપરેલ છે.

મજકુર ફલેટનું કરવામાં આવેલ બાંધકામ નક્કી કરેલ ગુણવંતા મુજબનું તથા ક્ષેત્રફળ પ્રમાણેનું છે. તેમજ કોર્પોરેશનના નિતીનિયમ અનુસારનું છે. જે બાબતે અમો જાતે તથા અમારા ટેકનીકલ જાણકાર વ્યકિત મારફતે તપાસ કરી કરાવી કબજો સંભાળી લીધેલ છે. જે અંગે તમો લખાવી લેનારે ભવિષ્યમાં કોઈ વાંધો-વિરોધ કે તકરાર કે કોઈપણ પ્રકારની કાર્ય વાહી કરવી કરાવાની રહેશે નહી.

આથી અમો લખી આપનાર પાવર ઓફ એર્ટનીના આધારે દસ્તાવેજ કરી આપીએ છીએ જે પાવર ઓફ એર્ટની નવા કાયદા અને નિતી નિયમો પ્રમાણે અમો એ એક નોટરી સોગંદનામું તા.૦૨-૦૨-૨૦૧૨ ના રોજ કરેલ છે. અને તે સોગંદનામું રજુ કરેલ છે. અને આ પાવર ઓફ એર્ટની હાલની તારીખમાં ચાલુ છે. અને પાવર આપનાર દરેક પક્ષકાર હાલમાં હયાત છે. અને આ પાવર હાલમાં વિથડ્રો યાને રદ કરેલ નથી. તથા આ પાવર ઓફ એર્ટની થી વેચાણ દસ્તાવેજ કરી આપે તેમાં કોઈ પક્ષકારને વાંધો નથી.

એ રીતેનો આ વેચાણ દસ્તાવેજ અમો વેચાણ આપનારે તથા કન્ફરમીંગ પક્ષકાર-ડેવલોપર અમારી રાજીખુશીથી તથા અક્કલ હોંશીયારીથી વાંચી,સમજી, વિચારીને કોઈના કોઈપણ જાતની ધાક, ધમકી કે દબાણમાં આવ્યા સિવાય, સ્વસ્થ ચિત્ત-મનથી લખી આપેલ છે. જેઅમો વેચાણ આપનાર તથા કન્ફરમીંગ પક્ષકાર-ડેવલોપર તથા અમારા વંશ, વાલી, વારસો, ઈત્યાદી તમામને કબુલ મંજૂર અને બંધનકર્તા છે અને રહેશે. તે વાતની સાક્ષી માટે અમોએ અમારા સહીમત્તા નીચે જણાવેલ સાક્ષીઓની રૂબરૂમાં કરેલ છે, તે સહી છે. ઉપર લખ્યુ તે સહી છે.

આજરોજ તારીખ ૧૦ ફેબ્રુઆરી સને ૨૦૧૨ ના દિન શહેર અમદાવાદ મધ્યે.

લખી આપનાર :

(૧) નિકીતા નિસર્ગકુમાર પટેલ
(૨) હસમુખભાઈ ગોવિંદભાઈ પટેલ
(૩) ગીતાબેન ગોવિંદભાઈ પટેલ
(૪) ગોવિંદભાઈ કચરાભાઈ પટેલ પોતે જાતે તથા (૧) થી (૩) ના કુલ મુખત્યાર તરીકે

:-----------------------------

કન્ફરમીંગ પક્ષકાર-ડેવલોપર :-

ભવાની કોર્પોરેશન નામની પેઢી તેના
વતી અને તરફથી તેના સોલ પ્રોપરાઈટર,
ગોવિંદભાઈ કચરાભાઈ પટેલ

સાક્ષીની સહી.

૧..........................

" આસુતોષ રેસીડેન્સી માં આવેલ ફ્લેટ નંબર-૧૦૩, વાળી મિલકતના ફોટોગ્રાફ્સ

લખી આપનાર ની સહી	**કન્ફરમીંગ પક્ષકાર-ડેવલોપર :-**
(૧) નિકીતા નિસર્ગકુમાર પટેલ	ભવાની કોર્પોરેશન નામની પેઢી તેના
(૨) હસમુખભાઈ ગોવિંદભાઈ પટેલ	વતી અને તરફથી તેના સોલ
(૩) ગીતાબેન ગોવિંદભાઈ પટેલ	પ્રોપરાઈટર,
(૪) ગોવિંદભાઈ કચરાભાઈ પટેલ પોત	ગોવિંદભાઈ કચરાભાઈ પટેલ
જાતે તથા (૧) થી (૩) ના કુ.મુ તરીકે	
....	....

" આસુતોષ રેસીડેન્સી માં આવેલ ફ્લેટ નંબર-૩૦૭, વાળી મિલકતના ફોટોગ્રાફ્સ

લખી આપનાર ની સહી	**કન્ફરમીંગ પક્ષકાર-ડેવલોપર :-**
(૧) નિકીતા નિસર્ગકુમાર પટેલ	ભવાની કોર્પોરેશન નામની પેઢી તેના
(૨) હસમુખભાઈ ગોવિંદભાઈ પટેલ	વતી અને તરફથી તેના સોલ
(૩) ગીતાબેન ગોવિંદભાઈ પટેલ	પ્રોપરાઈટર,
(૪) ગોવિંદભાઈ કચરાભાઈ પટેલ પોત જાતે તથા (૧) થી (૩) ના કુ.મુ તરીકે	ગોવિંદભાઈ કચરાભાઈ પટેલ
....	....